સ.મ.મુ.ગાં.(એચબી-૪૫૬)-૧૦,૦૦૦-૧૨-૨૦૨૨

૧. મંત્રીશ્રીનો હોદ્દો અને ગૃહમાં જવાબ માગવાની તારીખ પ્રશ્નમાં જણાવી હશે નહીં તો પ્રશ્ન વિચારણામાં લઇ શકાશે નહિ.

૨. આપના પ્રશ્નો એક જ દિવસ માટે એક કરતાં વધારે હોય તો *અગ્રતા સામે ક્રમ દર્શાવવો.

# તારાંકિત પ્રશ્ન

અગ્રતા | ૨

શ્રી : દિનેશભાઈ ઠાકોર

મતદાર વિભાગ : ૧૭-ચાણસ્મા

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૧૯-૦૧-૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ - ગાંધીનગરમાં કામોમાં ગેરરીતિ

શ્રીમાન,

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૭૪ અન્વયે હું સુચના આપું છું કે, તારીખ : ૧૬-૨-૨૦૨૪ ના

રોજ : આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના માનનીય

મંત્રીશ્રીને હું ગૃહમાં પ્રશ્ન પૂછીશ.

આપનો વિશ્વાસુ,
[signature]
સભ્ય,
ગુજરાત વિધાનસભા.

પ્રશ્ન ક્રમાંક : 15 /4 / 1844

આ જગ્યા ફક્ત કચેરીના ઉપયોગ માટે છે તેથી માનનીય સભ્યશ્રીએ અહીં લખાણ કરવું નહિ.

સાહેબ,
પ્રશ્ન દાખલ કરવામાં
આવે.
[signature]
20-1-24

S.O. [signature] 20.1.24

U/S. અનુસંધાનમાં ટાંકેલ પ્રશ્ન ક્રમાંક: ૩૧૨૧૭ના જવાબમાં સરકારે વિવિધ મળેલ ફરિયાદોની
D.S. સંખ્યા આપેલ છે. આથી, 'તપાસો' ને બદલે 'ફરિયાદો સામે તપાસ' શબ્દો યોગ્ય રહેશે. મંજૂર હશે તો પ્રશ્ન દાખલ કરવામાં આવશે.

[signature] 22/1/24

[signature] 22/1/24

[signature]

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩-૩-૨૦૨૧(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ [તારાંકિત]* પ્રશ્ન ક્રમાંક-૩૧૨૧૭ (અગ્રતા-૭૩)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ હેઠળ પ્રોજેકટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ કામોમાં નાણાકીય ગેરરીતિની મળેલ ફરીયાદોના અનુસંધાને તપાસની પ્રક્રિયા પ્રગતિ હેઠળ હતી તે તપાસ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉકત તપાસ કોને સોંપવામાં આવેલ,

(૩) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી ફરિયાદો સામે તપાસો પૂર્ણ થઈ અને કેટલી ફરિયાદો સામે તપાસો ચાલુ છે, અને

(૪) [તપાસ] પૂર્ણ થયેલ હોય તેવી કેટલી તપાસોમાં કેટલી નાણાકીય ગેરરીતિ થયાનું સામે આવ્યું ?